# ઉ.પ્ર.માં સરકારી કર્મચારીની હડતાળ યથાવત્

## સરકાર દ્વારા સેવા અનુસરણ અધિ નિયમ લાગુ કરવા છતાં કર્મચારીઓ પોતાની માંગણીઓને લઈને અડગ

લખનૌ,તા. ૨૧

ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા અતિ આવશ્યક સેવાઅનુસરણ અધિ નિયમ લાગુ કરવામાં ઓવ્યો હોવા છતાં છેલ્લા નવ દિવસથી હડતાલ પર બેઠેલા રાજ્ય સરકારના કર્મચારીઓ પાસી પાણી કરવા તૈયાર નથી. કર્મચારીઓએ આજે ૧૦મા દિવસે પણ હડતાલ યથાવત્ રાખી છે. બુધવારે રાજ્ય સરકાર તરફથી કર્મચારીઓ સાથે વાતાઘાતો કરવા પ્રયત્નો હાથ ધરાયા હતા. જો કે તેમાં કોઈ સહમતી બની શકી નથી. આ હડતાલમાં રાજ્ય સરકારના કર્મચારીઓના સંગઠનો, રાજ્ય કર્મચારી અધિકાર મંચના અધ્યક્ષ તરફથી જણાવવામાં આવ્યું છે કે સેવા અનુરક્ષ અધિનિયમ લાગુ કરવા છતાં પોતાની માંગો પૂરી ન થાય ત્યાં સુધી કર્મચારીઓ હડતાળ ચાલુ રાખશે. તેમને વધુમાં જણાવ્યું હતું કે સરકારની કોઈપણ પ્રકારની કાર્યવાહી સામે કર્મચારીઓ ઝૂંકવાના નથી. કર્મચારીઓ જેલ જવા પણ તૈયાર છે. દરમિયાન લખનૌ સહિત રાજયના વિવિધ ભાગોમાં હડતાલી કર્મચારીઓએ લોકસભાઓ ભરીને રાજ્ય સરકાર વિરુદ્ધ નારાબાજી કરી હતી. કર્મચારીઓના મક્કમ નિધાને જોઈને બુધવારે મોડી સાંજે રાજ્ય સરકાર દ્વારા હડતાળ પર ઉતરેલ કર્મચારીને વાતચીત માટે બોલાવવામાં આવ્યા હતા. આ બેઠકમાં સરકાર તરફથી મુખ્ય સચિવ રાજીવ કુમારે બે કલાક સુધી રાજ્ય સરકારના કર્મચારીના પ્રતિનિધી સાથે વાતચીત કરી હતી. પરંતુ આ બેઠકનું કોઈ પરિણામ નિકળ્યું ન હતું અને રાજ્ય સરકારના કર્મચારીઓએ હડતાળ પરત ખેંચવા માટે સ્પષ્ટ ઇન્કાર કરી દીધો હતો. આ પહેલા પણ હડતાળ પર ઉતરેલ કર્મચારીઓ સાથે રાજ્ય સરકારની એક બેઠક નિષ્ફળ રહી ચૂકી છે. રાજીવ કુમાર તરફથી બુધવારે મોડી રાત્રે એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતું કે રાજ્ય કર્મચારી અધિકારી મંચની માંગ મુજબ કૃષિ ઉત્પાદન આયુક્તની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમીતિ રાજ્યના કર્મચારી અધિકાર મંચની માંગોનો વિસ્તૃત અભ્યાસ કરશે ત્યારબાદ યોગ્ય હશે તેવી માંગોને પૂરી કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરશે.



## ઓબામા એપ્રિલ ૨૦૧૪માં એશિયાઈ દેશોની મુલાકાતે

વોશિંગ્ટન,તા. ૨૧

અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા આગામી વર્ષે એપ્રિલમાં એશિયાનો પ્રવાસ કરશે. જો કે આ સમય દરમિયાન તેઓ ભારત આવવાનું ટાળશે. કારણ કે એપ્રિલ-મેમાં ભારતમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. વ્હાઈટ હાઉસના સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી મુજબ બરાક ઓબામાએ કટોકટીના કારણે ઓક્ટોબરમાં યોજાનાર એશિયાનો પ્રવાસ રદ કર્યો હતો જે હવે આગામી વર્ષે એપ્રિલ મહિનામાં યોજાશે. રાષ્ટ્રીય સુરક્ષા અધિકાર સુઝેન રાઈસનું કહેવું છે કે અમે બધા નિરાશ હતા કે અમેરિકામાં કટોકટીના પગલે રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ઓક્ટોબરમાં યોજાનાર એશિયાનો પ્રવાસ રદ કરવો પડ્યો હતો. જો કે હવે એ વાતની ખુશી છે કે ઓબામા એશિયાના દેશો સાથે સંબંધ મજબૂત કરવા માટે એપ્રિલમાં એશિયાનો પ્રવાશ કરશે. જો કે તેમને બરાક ઓબામા આ યાત્રા દરમિયાન એશિયાના કયા કયા દેશોની મુલાકાત કરશે તે જણાવવાનું ટાળ્યું હતું. જો કે માર્ચ એપ્રિલમાં ભારતમાં લોકસભાની ચૂંટણી હોવાના કારણે બરાક ઓબામા ભારત આવે તેવી શક્યતાઓ નહીંવત છે. ઉલ્લેખનીય છે કે બરાક ઓબામા છેલ્લે ૨૦૧૦માં ભારત આવ્યા હતા અને રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમને સૌથી વધુ સમય ભારતમાં વિતાવ્યો છે.

# શેર બજારમાં ૪૦૬નો કડાકો

મુંબઈ, તા. ૨૧

ભારતીય શેરબજારમાં આજે સતત બીજા દિવસે નરમાઈ જોવા મળી હતી અને છેલ્લા એક કલાકમાં રોકાણકારો દ્વારા વેચવાલી કાઢવામાં આવી હોવાથી સેન્સેક્સમાં ૪૦૦ પોઈન્ટ સુધીનો કડાકો આવ્યો હતો. દિવસના અંતે નિફ્ટી પણ ૬૦૦૦ની નીચેની સપાટીએ બંધ થયો હતો. નિફ્ટી ૧૩ નવેમ્બર ૨૦૧૩ પછી પ્રથમ વખત ૬૦૦૦ની નીચેની સપાટીએ બંધ થયો હતો. દિવસ દરમ્યાન સેન્સેક્સમાં ૪૦૬ પોઈન્ટનો ઘટાડો આવીને ૨૦૨૨૯ અને નિફ્ટીમાં ૧૨૩ પોઈન્ટનો ઘટાડો આવીને ૫૯૯૯ની સપાટીએ બંધ જોવા મળ્યા હતા. નિફ્ટીમાં બધા જ આજે ૫૦ શેર લાલ નિશાન પર બંધ થયા હતા જ્યારે સેન્સેક્સ ૩૦માંથી ૨૯ શેર નરમાઈ સાથે બંધ રહ્યા હતા. બીએસઈના અગ્રણી કંપનીના શેરમાં ૧ થી ૨.૪ ટકા સુધીની



નરમાઈ જોવા મળી હતી. મિડકેપ સેકટરમાં આજે ૯ ટકા સુધીની જ્યારે સ્મોલકેપ સેકટરમાં ૧૬ ટકા સુધીની નરમાઈ જોવા મળી હતી. આજે બજારમાં ક્યુઈ-૩ યોજના ટુંક સમયમાં જ પુરી થવાની શક્યતા હોવાથી ભારતીય શેરબજાર ઉપર પ્રેશર જોવા મળ્યું હતું. તે સાથે જ ડોલર સામે રૂપિયામાં પણ નરમાઈ આવી હોવાથી ભારતીય શેરબજારમાં સંકટ જોવા મળ્યું હતું. અમેરિકી ડોલરની સરખામણીએ રૂપિયામાં ૫૦ ટકાનો ઘટાડો આવીને રૂપિયો ૬૩ની નીચે આવી ગયો હતો. વૈશ્વિક બજારમાં પણ વેચવાલી જોવા મળતી હોવાથી તેની ભારતીય બજારો ઉપર અસર જોવા મળી હતી. આજે માર્કેટમાં બેંક કેપિટલ ગુડ્સ, રિયાલિટી, પાવર, પીએસયુ, એફએમસીજી, મેટલ, ઓઈલ એન્ડ ગેસ, ટેકનોલોજી, આઈટી, કન્ઝ્યુમર, ફાર્માના શેરોમાં વેચવાલી જોવા મળી હતી જ્યારે હેવીવેટ સ્ટોકમાં એસીસી, બેંક, સ્ટરલાઈટ, પીએનબી, અંબુજા સિમેન્ટ, એચડીએફસી, એક્સિસબેંક અને એનટીપીસીના શેરોમાં ત્રણ ટસા સુધીનો ઘટાડો રહ્યો હતો. એલએન્ડટી, એશિયન પેઈન્ટ, ભેલ, જેપી એસો., અલ્ટ્રાટેક સિમેન્ટ, સનફાર્મા, ડીએલએફ, તાતા પાવર, આઈટીસી, બેંક ઓફ બરોડો, એચસીએલ ટેક, ઓએનજીસી, જિંદાલ સ્ટીલ અને કોટક મહિન્દ્રા બેંકના શેરોમાં બેથી ત્રણ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો જેથી રોકાણકારો દિશાહિન બની ગયા હતા.

## મુલાયમસિંહે ફરીવાર ત્રીજા મોરચાને આવશ્યક ગણાવ્યો

બરેલી,તા. ૨૧

સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે આજે બરેલીમાં દેશ બચાવો, દેશ બનાવો રેલીને સંબોધિત કરી હતી. આ રેલીમાં તેમણે ફરીથી એકવાર ત્રીજા મોરચાની સત્તામાં આવવાની વાત કરી હતી. વધુમાં તેમણે કેન્દ્રની યુપીએ સરકારને પડકારો સામે ડરપોક નેતૃત્વ ગણાવીને કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તરફ ઈશારો કરતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસના જ કેટલાક લોકો વડાપ્રધાન મનમોહનસિંહને કમજોર બનાવી રહ્યા છે. મુલાયમસિંહે જણાવ્યુ હતુ કે દેશ સામે અનેક પડકારો છે જેને દેશના સત્તાવાળાઓ અત્યારે સ્વીકાર કરી રહ્યા નથી. આપણા દેશનું નેતૃત્વ ડરપોક છે. અને તેમની જ પાર્ટી દ્વારા વડાપ્રધાનને કમજોર બનાવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મુલાયમસિંહ યાદવે ભાજપ તેમજ કોંગ્રેસ બંને પાર્ટીઓ તરફ નિશાન સાધતા જણાવ્યુ હતુ કે આવનાર ચૂંટણી ખૂબજ મહત્વની છે. આ ચૂંટણીમાં બહુમતિ ન તો કોંગ્રેસને મળશે કે ના તો ભાજપને મળશે. આવી સ્થિતિમાં ત્રીજા મોરચાને બહુમતિ મળવાની શક્યતા દેખાઈ રહી છે. અપરાધી રાજકારણીઓના ખરડાનો ઉલ્લેખ કરીને કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તરફ ઈશારો કરતા જણાવ્યુ હતુ કે વડાપ્રધાનને તેમની જ પાર્ટીના લોકો કમજોર બનાવી રહ્યા છે. કોંગ્રેસમાં કેટલાક લોકો વડાપ્રધાન બનાવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે જેઓ આવા ખરડાને ફાડીને વડાપ્રધાનનું અપમાન કરે છે. આવી સ્થિતિમાં વડાપ્રધાનની પોતાની પ્રતિષ્ઠા બચાવવા રાજીનામુ આપવાની જરૂર હતી. આગામી લોકસભાની ચૂંટણી તરફ ઈશારો કરતા મુલાયમસિંહે જણાવ્યુ હતુ કે આ ચૂંટણીમાં કઈ પાર્ટી સત્તા પર આવશે તેનો નિર્ણય ઉત્તર પ્રદેશ કરશે કારણ કે સંસદમાં સૌથી વધારે સભ્યો ઉત્તરપ્રદેશના હોય છે.

# યોગ ગુરુ બાબા રામદેવ પર ઉત્તરાખંડમાં ૮૧ કેસ દાખલ

દહેરાદૂન,તા. ૨૧

કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ વિરુદ્ધ અવારનવાર વિવાદાસ્પદ નિવેદનબાજી કરતા રહેતા યોગગુરુ બાબા રામદેવ વિરુદ્ધ ઉત્તરાખંડમાં શખત કાર્યવાહી કરવામાં આવી છે. બાબા રામદેવની પતંજલિ યોગપીઠ અને અન્ય સંસ્થાઓ પર છેલ્લા એક સપ્તાહમાં ૮૧ કેસ દાખલ કરવામાં આવ્યા છે. હરિદ્વારના ડીએમ નીધિ પડ્યાંએ રાજ્ય સરકારને મોકલેલી વિગતમાં જણાવ્યું છે કે ૫૨ કેસોમાં ૧૦ કરોડથી વધુ સ્ટેમ્પ ડ્યુટીની ચોરી કરવામાં આવી છે. જ્યારે ૨૭ કેસ સરકારી જમીનના દુરુપયોગને લગતા છે. પતંજલિ યોગપીઠને આપવામાં આવેલી જમીન સરકારે પરત લેવા માટે પ્રક્રિયા હાથ ધરી છે. આ સાથે જ સ્થાનિક ગ્રામપંચાયતોની જમીન હડપ કરવાના બે કેસ નોંધાયા છે. રિપોર્ટમાં જણાવ્યાનુસાર રામદેવના ટ્રસ્ટમાં બીજી પણ અનેક ગડબડો પકડાઈ છે. જેના કારણે આગામી દિવસોમાં ટ્રસ્ટ ઉપર વધુ કેસ દાખલ થઈ શકે છે. પોલીસે આક્ષેપ કર્યો છે કે બાબા રામદેવ ટ્રસ્ટના નામ ઉપર કેટલાક બોગસ



જમીનના સોદાઓ કર્યા છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ જણાવ્યું હતું કે બાબા રામદેવ ઉત્તરાખંડમાં પતંજલિ નામનો દુરુપયોગ કરી રહ્યા છે. જેના કારણે આ કેસ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે આ મામલાઓ સાથે સંકળાયેલ સદીધ અધિકારીઓ વિરુદ્ધ પણ સરકાર કાર્યવાહી કરશે.

વિજય બહુગુણાએ જણાવ્યું હતું કે ડીએમએ પતંજલિ યોગપીઠની જમીનની ખરીદી, તેનો ઉપયોગને લઈને ફરિયાદો મળી હતી. જેની તપાસ દરમિયાન સામે આવ્યું છે કે પતંજલિ યોગપીઠે છેલ્લા કેટલાક સમય દરમિયાન ખરીદેલી જમીનોમાં કૌભાંડ સામે આવ્યું છે. જમીનોને સરકારે જે ઉપયોગો માટે સોંપી હતી તેવા કોઈ કામ અત્યારે ત્યાં થઈ રહ્યા નથી. જે સરકારી નિયમોનો ખુલ્લેઆમ ભંગ છે. ટ્રસ્ટ ઉપર આરોપ છે કે પતંજલિ યુનિવર્સિટી માટે ઔરંગાબાદ અને પેલીવાળા ગામમાં ૧૮૭.૫ એકર જમીન સરકાર પાસેથી મેળવવામાં આવી હતી. જો કે આ જમીનમાં માત્ર ૨૦ એકરમાં જ વિશ્વ વિદ્યાલય બનાવવામાં આવ્યું છે જ્યારે અન્ય જમીનનો ખાનગી ઉપયોગ થઈ રહ્યો છે. આ ઉપરાંત આયુર્વેદિક દવાખાના ખોલવા માટે મુસ્તફાબાદ ગામમાં ૧૪૧ એકર જમીન આપવામાં આવી હતી. જ્યારે ટ્રસ્ટે આ જમીનમાં વેયર હાઉસ લોટ અને તેલ બનાવવાની ફેકટરીઓ લગાવવામાં આવી છે. આમ અનેક મામલામાં ટ્રસ્ટ દ્વારા સરકારી નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરવામાં આવ્યો છે.

## હરીશ રાવતે સોનીયા ગાંધીની તુલના સીતાજી સાથે કરી દીધી

ભોપાલ,તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષતા સોનીયા ગાંધીના વિદેશી મૂળનો મુદ્દો વારંવાર ઉઠાવવામાં આવે છે. જ્યારે ભાજપના આ નિવેદન પર કેન્દ્રીય પાણી પુરવઠા મંત્રી હરીશ રાવતે સોનીયા ગાંધીની તુલના સીતા માતા સાથે કરી દીધી હતી. રાવતે દાવો કર્યો છે કે સીતા પણ વિદેશી હતા. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ભાજપની જાહેરાતોમાં વિદેશી રોડ અને ખેતરો દર્શાવવામાં આવતા વિવાદ સર્જાયો હતો. આ મામલે કોંગ્રેસ દ્વારા



વિરોધ કરવામાં આવતા ભાજપે વળતો પ્રહાર કર્યો હતો કે તેમને તો માત્ર વિદેશી ફોટાઓ બતાવ્યા છે. જ્યારે તો કોંગ્રેસની કમાલ જ વિદેશી મહિલાના હાથમાં છે. ભાજપની આ ટિપ્પણીનો કેન્દ્રીય પાણી પુરવઠા મંત્રી હરીશ રાવતે જવાબ આપ્યો હતો. જેમાં તેમને સોનીયા ગાંધીની તુલના સીતા માતા સાથે કરી નાખી છે. મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં પત્રકારનો સંબોધતા રાવતે જણાવ્યું હતું કે ભારતમાં માન્યતા છે કે કોઈપણ સ્ત્રીના લગ્ન કર્યા બાદ તે પોતાના સાસરા પક્ષની નિવાસી માનવામાં આવે છે. ત્યારે પણ એટલું જ સન્માન મળે છે જેટલું તેના સાંસરા પક્ષની અન્ય સ્ત્રીઓને મળે છે. રાવતે જણાવ્યું હતું કે માતા સીતા પણ પડોશી દેશ નેપાળની રહેવાસી હતી. પરંતુ ભારતમાં તેના લગ્ન રામ સાથે થયા હતા. ત્યારબાદ તેને એટલું સન્માન મળ્યું કે આજે તેમને સ્ત્રીઓનો આદર્શ અને પૂજનીય માનવામાં આવે છે.

## સમાચાર ઝલક

- રાજકોટમાં મુંબઇવાળી ! મહિલા પર ખાટકી ગેંગનો સામૂહિક બળાત્કાર, રાજકોટવાસીઓમાં ઉગ્ર આક્રોશ.
- બેંગ્લોરમાં ATM પર મહિલા સાથે લૂંટ અને મારપીટનો બનાવ બન્યો, સરકાર જાગી, જે ATM પર સિક્યુરીટી નહીં હોય તે બંધ થશે.
- મુંબઇમાં રહેતા પૃથ્વીએ ૫૪૬ રન ફટકારી વિક્રમ સર્જયો.
- કાંકરીયા પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણી-પક્ષીઓને જીવની જેમ રક્ષણ અપાય છે.
- પાસપોર્ટ માટે હવે પોલીસ સ્ટેશનનાં ધક્કા નહીં ખાવા પડે.
- જેતપુર ડબલ મર્ડર કેસમાં ૧૦ વ્યક્તિઓને જન્મટીપની સજા.
- ચોખામાં ભાવવધારાનો ભડકો થવાના અણસાર, બાસમતી ચોખાનો કિલો ભાવ રૂા.૧૦૦ થી વધુ.
- ભૂજમાં જજ પર જૂતાનો ઘા કરાયો.
- નાસિકમાં ૧૦ લાખ રૂપિયાની ડૂંગળીની ચોરી.
- આંધ્ર પર ત્રાટકશે ફરી વાવાઝોડું, તંત્ર એલર્ટ.
- યોગગુરૂ બાબા રામદેવજી પર ૮૧ કેસ ઠોકી બેસાડતી ઉત્તરાખંડની કોંગ્રેસ સરકાર.
- વડોદરામાં ચાલુ મુસાફરી દરમિયાન એસ.ટી.બસ સળગી, મુસાફરોનો ચમત્કારિક બચાવ.
- ગુજરાત સરકારની જીતની અસર, સમગ્ર ભારતમાં એક સરખી કિંમતે સી.એન.જી. અને પી.એન.જી. ગેસ મળશે, કેન્દ્રનો નિર્ણય.
- સૂરતનાં નવમાં માળેથી વૃદ્ધાએ લિફ્ટનો દરવાજો ખોલી લિફ્ટ સમજી પગ મૂક્યો ને સીધા નીચે પટકાયા.
- શેરબજારમાં ઉથલપાથલ વધતાં જયોતિષીઓ-અંકશાસ્ત્રીઓ પાછળ ઇન્વેસ્ટરોની દોડ.
- એક જ માતાની કુખે એક સાથે જન્મેલા સાત ભાઇ-બહેનોએ ૧૬ વર્ષ પુરા કર્યા, ન્યુયોર્ક શહેરનો કિસ્સો.
- દિલ્હીમાં કોન્સ્ટેબલની નોકરી માટે બી.ટેક, એમ.બી.એ. ઉમેદવારો ફોર્મ ભર્યા, ૫૦% થી વધુ અરજીઓ પોસ્ટ ગ્રેજયુએટની.
- બોર્ડની પરીક્ષામાં ગણિતનાં પેપરમાં ૨૦% પ્રશ્નો બહારથી પુછાશે.

## શાંતિ વાતચીત દરમિયાન અમેરિકા ડ્રોન હુમલા રોકશે

ઈસ્લામાબાદ,તા. ૨૧

અમેરિકાએ પાકિસ્તાનને તાલિબાન સાથે વાતચીત દરમિયાન ડ્રોન હુમલા નહીં કરવાનું આશ્વાસન આપ્યું છે. પાકિસ્તાનના ઉચ્ચ સુરક્ષાકારે આપેલી માહિતી મુજબ વડાપ્રધાનના વિદેશી અને સુરક્ષા મામલાના સલાહકાર સરતાજ અઝીઝે ઈસ્લામાબાદમાં સીનેટના વિદેશી મામલાની સમીતિને જણાવ્યું હતું કે અમેરિકાના ડ્રોન હુમલામાં તાલિબાની નેતા હકીમુલ્લા મહેબૂબની હત્યાથી શાંતિ પ્રક્રિયાને નુકસાન પહોંચ્યું છે. ઉલ્લેખનીય છે કે હકીમુલ્લા ૧ નવેમ્બરે ઉત્તરીય વઝિરિસ્તાનમાં અમેરિકાના ડ્રોન હુમલામાં માર્યા ગયા હતા. આ ઘટના પાકિસ્તાનમાં શાંતિ સ્થાપવાના પ્રયાસરૂપે સરકારની તાલિબાની નેતાઓ સાથેની બેઠકના એક દિવસ પહેલા બની હતી. તહેરીકે તાલિબાને આ ઘટના બાદ પાકિસ્તાન સરકાર સાથે વાતચીત કરવાનું સ્પષ્ટ ના પાડી દીધી હતી. ઉલ્લેખનીય છે કે ડ્રોન હુમલો અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે તણાવનું મુખ્ય કારણ રહ્યું છે.

## એએપીના નેતા કેજરીવાલને ચૂંટણી પંચે નોટિસ ફટકારી

નવી દિલ્હી,તા. ૨૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે આમ આદમી પાર્ટીની નવા સમીકરણો રચાવાની શક્યતા ઊભી કરી છે. જો કે ચૂંટણી પહેલાં જ અણ્ણા હઝારે અને અરવિંદ કેજરીવાલ વચ્ચે પૈસાને લઈને ઊભા થયેલા વિવાદે આ સમીકરણોમાં નવો વળાંક લાવીને ઊભો કરી દીધો છે જેના કારણે અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસને મુશ્કેલીમાં મૂકવાનો દાવો કરી રહેલ અરવિંદ કેજરીવાલને પોતે પણ હવે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. બુધવારે અરવિંદ કેજરીવાલ માટે વધુ એક મુસીબત સામે આવી હતી જેમાં ચૂંટણી આયોજિત અરવિંદ કેજરીવાલને એક નોટિસ ફટકારી છે



જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કેજરીવાલે ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોની ધાર્મિક લાગણીઓને ભડકાવવાનો પ્રયત્ન કર્યો હતો.

કેજરીવાલ અંગે એક એનજીઓએ ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી હતી જેની કાર્યવાહીમાં ચૂંટણી પંચે નોટિસ ફટકારીને ૨૫ નવેમ્બર સુધી ખુલાસો રજૂ કરવા આદેશ આપ્યો છે. એનજીઓએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે અરવિંદ કેજરીવાલે લઘુમતી સમુદાયની એક પત્ર લખ્યો હતો જેમાં બાટલા હાઉસ એન્કાઉન્ટરની બનાવટી ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે અરવિંદ કેજરીવાલ પર તેમના ગૃહ અણ્ણા હઝારે પણ નારાજ જણાઈ રહ્યા છે. અણ્ણાએ કેજરીવાલ પર આરોપ લગાવ્યો હતો કે કેજરીવાલ ચૂંટણી પ્રચારમાં તેમના નામનો દુરુપયોગ કરી રહ્યો છે.

જો કે અણ્ણા હઝારે અરવિંદ કેજરીવાલને એક ચારિત્ર્યવાન વ્યક્તિ ગણાવી જણાવ્યું હતું કે મને અરવિંદ કેજરીવાલની નિષ્ઠા પર કોઈ શંકા નથી. પરંતુ ચૂંટણી પ્રચારમાં મારા નામનો ઉલ્લેખ કરીને ખોટું કર્યું છે. હું ચૂંટણીમાં કોઈનો પણ સપોર્ટ કરવા માગતો નથી. માત્ર એટલું જ જણાવીશ કે લોકો સાચા ઉમેદવારની પસંદગી કરે.

## ફીફા વર્લ્ડકપ ૨૦૧૩માં ૩૨ ટીમોની જાહેર કરાઈ

બ્રાઝિલમાં આગામી વર્ષે યોજાનાર ફીફા વર્લ્ડકપ માટે ૩૨ ટીમોના નામની જાહેરાત કરી દેવામાં આવી હતી. આ સાથે જ લાંબા સમયથી ચાલતી અટકળોનો અંત આવી ગયો છે. ક્વોલિફાઈડ રાઉન્ડમાં દક્ષિણ આફ્રિકા અને ઉરુગ્વેએ સફળતા મેળવવાની સાથે જ આ વર્લ્ડકપમાં ભાગ લેનારી ૩૨ ટીમોના નામ નક્કી થઈ ગયા છે. ઉરુગ્વેએ બુધવારે વર્લ્ડકપ માટે ક્વોલીફાઈડ કરી લીધુ હતુ. હવે વર્લ્ડકપના કાર્યક્રમની સત્તાવાર જાહેરાતની છ ડિસેમ્બરે કરાશે. આ વર્લ્ડકપ માટે ક્વોલીફાઈડ કરનાર ટીમોમાં વર્તમાન ચેમ્પિયન સ્પેન, રનર્સઅપ નેધરલેન્ડ ઉપરાંત ઈટાલી, બેલ્જિયમ, જર્મની, સ્વીત્ઝરલેન્ડ, ઈંગ્લેન્ડ, રશિયા, હર્જેગોવિના, ક્રુએસિયા, ગ્રીસ, પોર્ટુગલ, ફ્રાન્સ, જાપાન, ઓસ્ટ્રેલિયા, સાઉથ કોરિયા, બ્રાઝિલ, આર્જેન્ટિના, કોલંબિયા, ચિલી, એક્કાડોર, ઉરુગ્વે, અમેરિકા, કોસ્ટારિકા, હોન્ડુરાસ, મેક્સિકો, નાઈઝેરિયા, આઈવેરીકોસ્ટ, કેમરુન, ધાના અને બેલ્જિયમની ટીમોનો સમાવેશ થાય છે.

**ઇરાકની રાજધાની બગદાદમાં વિસ્ફોટ**

## ૮ જગ્યાએ વિસ્ફોટ થતાં ૫૦ લોકોના મોત અને ૧૦૦ ઘાયલ

બગદાદ,તા. ૨૧

ઈરાકની રાજધાની બગદાદમાં બોમ્બ વિસ્ફોટ અને ગોળીબારની ઘટના નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૫૦થી વધુ લોકોનો મૃત્યુ થયું હોવાના અહેવાલ છે. મોટાભાગે શિયાળ સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલ આ હુમલામાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. વર્ષ ૨૦૦૮ પછી ઈરાકમાં યોજાનાર સામાન્ય ચૂંટણીઓમાં



હિંસા ફાટી નીકળવાની અટકળો વચ્ચે સ્થાનિક સરકારના અધિકારીઓએ હિંસાને રોકવા માટે આંતરરાષ્ટ્રીય મદદ માંગવાની ફરજ પડી છે. જેનો વિરોધ નોંધાવતાં બગદાદમાં કેટલાક આતંકી શખસો દ્વારા વિસ્ફોટ કરવામાં આવ્યા છે. મેડીકલ અધિકારીઓ દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ બગદાદમાં સાત કાર વિસ્ફોટ સહિત આઠ વિસ્ફોટ થયા છે જે ઈરાકની રાજધાનીમાં શિયાળ મુસ્લિમ સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવીને કરવામાં આવ્યા છે. આ હુમલાઓમાં ૫૦થી વધુ લોકોના મોત થયા હોવાની શક્યતા છે. જ્યારે ૧૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા રવિવારે બગદાદમાં આ જ રીતે વિસ્ફોટ થયા હતા જેમાં ૨૧ લોકોના મૃત્યુ નિપજ્યા હતા. નવેમ્બર મહિનામાં થયેલ વિવિધ હુમલાઓમાં ઈરાકમાં અત્યાર સુધી ૩૦૦થી વધુ વ્યક્તિઅના મૃત્યુ થઈ ચૂક્યા છે. જ્યારે આજે કરવામાં આવેલ આ હુમલો બગદાદના મુખ્ય આર્થિક હબ ગણાતા કરાદા સાપ અને સદરિયા વિસ્તારોમાં કરવામાં આવ્યા છે. જો કે અત્યાર સુધી કોઈ સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. પોલીસ પ્રવક્તાના જણાવ્યા મુજબ બગદાદમાં અન્ય એક ગોળીબારની ઘટનામાં ઈરાકી રાષ્ટ્રપતિ જલાલ તાલાબાનીના મુખ્ય બોડીગાર્ડની હત્યા કરી દેવામાં આવી છે.